**ગુ.મુ. નં.૮૯૬૭/૨૦૨૧**

## <u>આંકઃ–૧ નીચે હુકમ</u>

<u>ફરીયાદી</u>
શ્રી સરકાર

વિરૂધ્ધ.

<u>આરોપીઓ</u>
ગિરીશ વિઠૃલ પરમાર વિ.૧.
રહે.રતનપુર,જિ.વડોદરા.

૧. આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ ના ગુન્હા અંગેનું કલમ–૧૭૩ પ્રમાણે ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

૨. આ કામે શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી દ્રારા એવી રજુઆત કરી ગયેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા કાયદાકીય જોગવાઈ ઘ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી છે.

૩. આ કામે સમગ્ર ચાર્જશીટ વંચાણે લેતા, આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ :–૧૮૮ ના ગુન્હા અંગેનો આક્ષેપ છે. ત્યારે, ફોજદારી કાર્યરીતિ સંહીતાના પ્રકરણ–૧૪, કલમ–૧૯૦ વંચાણે લેવી જરૂરી છે. જેમા, મેજિસ્ટ્રેટ દ્રારા ગુન્હાઓનો કોગ્નીઝન્સ લેવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. આ કલમની શરૂઆતના શબ્દો વંચાણે લેવામા આવે તો ''**<u>આ પ્રકરણની જોગવાઈઓને આધિન</u>** '' એટલે કે, કલમ ૧૯૫ ઘ્યાને લેવી જરૂરી રહે છે. આ કલમ વંચાણે લેતા, જાહેર નોકરના અધિકારનો તીરસ્કાર, ન્યાય વિરૂધ્ધના ગુન્હા તથા પુરાવામાં આપેલ દસ્તાવેજો સંબંધી **ગુન્હાઓ માટે ફોજદારી કાર્યરીતિ** અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. કલમ–૧૯૫(૧)(ક)(૧) **કોઈ પણ અદાલત ભારતીય દંડ સંહીતાની કલમ–૧૭૨ થી ૧૮૮ (બંન્ને સહીત) હેઠળ સજા પાત્ર કોઈ ગુન્હાનો સંજ્ઞાન લઈ શકશે નહી.** સિવાય કે સંબંધીત જાહેર નોકર અથવા તે જેને આધિન હોય તેવા અન્ય કોઈ જાહેર નોકરની **<u>લેખીત ફરીયાદ</u>** એટલે કે આ કાયદાની કલમ–૨(ઘ) મુજબની કરવામાં આવેલ હોય. આ કામે સદરહું ફરજીયાત કાયદાકીય જોગવાઈનું

પાલન કરવામાં આવેલ ન હોય ત્યારે કલમ–૧૮૮ ના ગુન્હા અંગેનું સંજ્ઞાન ચાર્જશીટ ઉપરથી લઈ શકાય નહી. નામદાર ગુજરાત હાઈકોર્ટે નીચેના ચુકાદાઓમાં આ કાયદાની કલમ ૧૯૦, કલમ–૧૯૫ વિગેરેની વિગતવારની ચર્ચા કરી એવુ સ્પષ્ટ ઠરાવવામા આવેલ છે કે, કલમ–૧૮૮ના ગુન્હા અંગેનુ સંજ્ઞાન મેજિસ્ટ્રેટ ચાર્જશીટ ઉપરથી લઈ શકે નહી. **૧.** ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૩૧૨૬૪/૨૦૧૬, પરસોતમભાઈ ઓધવજી સોલંકી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૦૪/૧૧/૨૦૨૦ **૨.** ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૧૧૬૭૫/૨૦૧૫, હાજી ઉસ્માન સુલેમાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, નિર્ણય તારીખ ૨૨/૦૧/૨૦૨૦ **૩.** સ્પેશ્યલ ક્રિમીનલ અરજી નં. :–૪૧૦૫/૨૦૧૭, મોહમ્મદ હુશેન મોહમ્મદ ઈરફાન વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ :–૧૫/૦૨/૨૦૧૯ **૪.** ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૭૨૮૬/૨૦૧૭, મેરુભાઈ મેદાભાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૦/૧૧/૨૦૧૭ **૫.** સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન નં. ૭૯૧૩/૨૦૧૭, જાહીદ ભગત વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ :–૦૩/૧૧/૨૦૧૭. **૬.** ક્રિમીનલ અરજી નં. ૬૩૨/૨૦૧૫, ગોર્વધનભાઈ ઠાકોરદાસ અસરાની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૧૩/૦૪/૨૦૧૭ **૭.** સ્પેશ્યલ ક્રિમીનલ પરચુરણ અરજી નંબર :–૬૨૪/૨૦૧૫, નરેન્દ્રસીંહ અર્જુનસીંહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નિર્ણય તારીખ ૨૭/૧૦/૨૦૧૫.

**૪.** આમ, આ કાયદાની કલમ–૧૯૦, કલમ–૧૯૫ તેમજ ઉપરોકત ચુકાદાઓ લક્ષમાં લેતા, ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ના ગુન્હા અંગેનુ સંજ્ઞાન લઈ શકાય નહી. તેવા સંજોગોમાં, હાલના કેસનું ચાર્જશીટ ફાઈલે કરી અને કેસનો નીકાલ કરવામાં આવે છે.

તા. ૧૦/૦૭/૨૦૨૧
સ્થળ:વડોદરા.

( એચ.જે.ગઢવી )
૬ઠા એડી. સિવિલ જજ અને
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, વડોદરા.
કોડ નં.જી.જે.૦૧૫૧૯.